AKSHAR SPINTEX LIMITED

Date: 2nd September, 2026

To, **The Manager (Listing Department)** **BSE Limited,** **1st Floor, New Trading Ring,P.J. Tower, Dalal Street, Fort, Mumbai – 400 001.** **(BSE Scrip Code: 541303)**	**To,** **The Manager (Listing Department)** **National Stock Exchange of India Limited,** **Exchange Plaza, 5th Floor, Plot No. C/1, G-Block, Bandra Kurla Complex, Bandra (East),** **Mumbai – 400 051, Maharashtra** **(NSE Scrip Code: AKSHAR)**

Dear Sir/ Madam,

Sub: Copies of Newspaper giving notice of information regarding 13th Annual General Meeting of the Members of the Company.

In terms of requirements of Regulation 30 and 47 of the Securities and Exchange Board of India (Listing Obligation and Disclosure Requirement) Regulation, 2015, we would like to inform you that the Notice of Information regarding 13th Annual General Meeting (AGM) of the Company to be held on Monday, 28th September, 2026 has been published in the English and Gujarati newspaper "Financial Express" on 2nd September, 2026.

A copy of the said newspapers' advertisements is enclosed for your reference and record.

Kindly take the same on your record.

Thanking You

Yours Faithfully

Thanking you,
Yours Faithfully,
For, AKSHAR SPINTEX LIMITED

Chauhan Harikrushna Shamjibhai

Digitally signed by Chauhan Harikrushna Shamjibhai
Date: 2026.09.02 11:49:31 +05'30'

HARIKRUSHNA S. CHAUHAN
Chairman Cum Wholetime Director
(DIN: 07710106)

■ નોએલ, ડેરિયસ અને જહાંગીરે ચેરિટી કમિશનરનો વ્યક્તિગત રીતે સંપર્ક કર્યો

એસઆરટીટીના ટ્રસ્ટીઓએ મીટિંગ પરના પ્રતિબંધને દૂર કરવા માટે ફરી પ્રયાસો કર્યા

ઉર્વી માલવણિયા
મુંબઈ, તા. ૧

સર રતન ટાટા ટ્રસ્ટ (એસઆરટીટી)ના ત્રણ ટ્રસ્ટીઓએ મહારાષ્ટ્ર ચેરિટી કમિશનરનો ફરી વ્યક્તિગત રીતે સંપર્ક કરીને ટ્રસ્ટની બોર્ડ બેઠકો પરના પ્રતિબંધમાંથી આંશિક રાહત માગી છે, જેથી ટ્રસ્ટ તાત્કાલિક જરૂરી બાબતો પર નિર્ણય લઈ શકે. તેમાં ટાટા સન્સના આગામી ચેરમેનની પસંદગી સાથે જોડાયેલા મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે, એમ આ મામલાની જાણકારી ધરાવતા લોકોએ જણાવ્યું હતું.

ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા, ટ્રસ્ટીઓ ડેરિયસ ખંભાતા અને જહાંગીર એચસી જહાંગીરે ગયા સપ્તાહના અંતમાં ચેરિટી કમિશનરને પત્ર લખ્યો હોવાનું માનવામાં આવે છે. બેઠક પરના પ્રતિબંધમાંથી રાહત મેળવવાના અગાઉના પ્રયાસો નિષ્ફળ ગયા બાદ તેમણે આ રજૂઆત કરી છે.

એસઆરટીટીનું બોર્ડ પોતે બેઠક કરી શકતું ન હોવાથી ત્રણેયે ટ્રસ્ટીઓ તરીકે પોતાની વ્યક્તિગત ક્ષમતામાં આ નવી રજૂઆતો કરી હોવાનું માનવામાં આવે છે. અન્ય બે ટ્રસ્ટીઓ જિમી ટાટા અને વેણુ શ્રીનિવાસને ચેરિટી સત્તાવાળાને પત્ર લખ્યો ન હોવાનું માનવામાં આવે છે.

ઉપરોક્ત વ્યક્તિઓમાંના એકે જણાવ્યું હતું કે ટ્રસ્ટીઓએ પ્રતિબંધ હટાવવાની અપીલ કરી છે, જેથી ટ્રસ્ટ નિયમિત રીતે પોતાનું કામકાજ કરી શકે. તેમણે માત્ર એક કે બે બેઠકો માટે રાહત માગી નથી, પરંતુ ચોક્કસ કારોબારી બાબતો માટે ટ્રસ્ટને બેઠક કરવાની મંજૂરી આપવા વિનંતી કરી છે.

FRESH PLEA FOR RELIEF



■ Three of five SRTT trustees make fresh appeal to Charity Commissioner

■ Seek relief to conduct specific and urgent trust business

■ Previous attempts to secure relief from meeting ban were unsuccessful

■ Tata Sons chairman selection process among key matters awaiting SRTT action

■ Philanthropic grants of nearly ₹400 crore remain in limbo

■ SRTT also needs to approve its FY26 accounts

સૌથી તાત્કાલિક બાબતોમાંની એક ટાટા ગ્રૂપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના નવા ચેરમેનની પસંદગીની પ્રક્રિયામાં એસઆરટીટીની ભાગીદારી છે.

આ મહિનાની શરૂઆતમાં ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને કંપનીના બોર્ડને પત્ર લખીને જણાવ્યું હતું કે ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ તેમનો વર્તમાન કાર્યકાળ પૂરો થયા બાદ તેઓ ફરીથી નિયુક્તિ મેળવવા માગતા નથી.

ટાટા સન્સના બોર્ડે આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. જોકે, અન્ય મુખ્ય પ્રમોટર ટ્રસ્ટ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (એસડીટીટી)એ ૧૩ ઓગસ્ટના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે ચંદ્રશેખરનનો પત્ર સ્વીકારી લીધો છે અને તેમના ઉત્તરાધિકારીની પસંદગી કરનાર સિલેક્શન કમિટીની રચનાની પ્રક્રિયા શરૂ કરવા ઠરાવ પસાર કર્યો છે.

પાંચ સભ્યોની સિલેક્શન કમિટીની રચના માટે એસઆરટીટી અને એસડીટીટી બંનેની ભાગીદારી જરૂરી છે. બંને મળીને ત્રણ સભ્યોની નિમણૂક કરે છે. એસઆરટીટી બોર્ડની બેઠક બોલાવી શકતું ન હોવાથી કમિટીમાં સભ્યોની નિમણૂકની પ્રક્રિયા અટકી ગઈ છે.

એસઆરટીટીની ભાગીદારી જરૂરી હોય તેવી બીજી બાબત ટાટા સન્સની નાણાકીય વર્ષ ૨૦૨૬ની વાર્ષિક સામાન્ય સભા માટે ટ્રસ્ટ્સના સંયુક્ત પ્રતિનિધિની નિમણૂક છે. ૧૮ ઓગસ્ટે યોજાનારી વાર્ષિક સામાન્ય સભા માટે જરૂરી કોરમ પૂર્ણ થઈ શક્યું નહોતું, કારણ કે એસઆરટીટી અને એસડીટીટી સંયુક્ત રીતે પ્રતિનિધિની નિમણૂક કરી શક્યા નહોતા. તેથી બેઠક મુલતવી રાખવી પડી હતી. ત્યારબાદ ટાટા સન્સે કંપની રજિસ્ટ્રાર (આરઓસી) પાસેથી સમયમર્યાદામાં વધારો મેળવ્યો છે અને હવે વાર્ષિક સામાન્ય સભા યોજવા માટે તેને ૩૧ ડિસેમ્બર સુધીનો સમય મળ્યો છે.

નવી અપીલમાં ટ્રસ્ટનું નિયમિત કામકાજ ફરી શરૂ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે, ખાસ કરીને પરોપકારી અનુદાનોને મંજૂરી આપવા અંગે. અગાઉના એક પત્રમાં નોએલ ટાટાએ ચેરિટી કમિશનરને જણાવ્યું હતું કે બેઠક પરના પ્રતિબંધને કારણે લગભગ ૪૦૦ કરોડ રૂપિયાના અનુદાનો અટવાઈ ગયા છે.

આ મામલાની જાણકારી ધરાવતા લોકોના જણાવ્યા અનુસાર એસઆરટીટીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પોતાના હિસાબો પણ હજુ સુધી પૂર્ણ કર્યા નથી. તેથી નિયમનકારી અને અનુપાલન સંબંધિત જવાબદારીઓ પૂર્ણ કરવા માટે હિસાબોને મંજૂરી આપવી એ ટ્રસ્ટે હાથ ધરવાની મહત્વપૂર્ણ બાબતોમાંની એક છે.નવી રજૂઆતનો હેતુ મૂળભૂત રીતે એસઆરટીટી માટે જરૂરી કામકાજ કરવાની રીત શોધવાનો છે, જ્યારે તેની બેઠકો પર પ્રતિબંધ મૂકવા પાછળના મોટા મુદ્દાનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી.

અક્ષર સ્પીનટેક્સ લિમિટેડ

CIN: L17291GJ2013PLC075677

રજિસ્ટ્રેડ ઓફિસ: રેવેન્યુ સર્વે નં. ૧૦૨/૨ પૈકી, પ્લોટ નં. ૨, મુ. હરીપર, રણુજા રોડ,
તા. કાલાવડ, જામનગર - ૩૬૧ ૦૧૩, ગુજરાત, ભારત
કોન્ટેક્ટ: ૭૫૭૪૮૮૭૦૮૫, ઈ-મેલ:- info@aksharspintex.in
વેબસાઈટ : www.aksharspintex.in

સભ્યોને 13મી વાર્ષિક સામાન્ય સભા અંગેની નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે AKSHAR SPINTEX LIMITED ("કંપની")ના સભ્યોની 13મી વાર્ષિક સામાન્ય સભા (AGM) સોમવાર, 28 સપ્ટેમ્બર, 2026 ના રોજ બપોરે 01:30 કલાકે IST વીડિયો કોન્ફરન્સિંગ ("VC")/અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા, સભ્યોની કોઈ સામાન્ય સ્થળે ભૌતિક હાજરી વિના યોજવામાં આવશે, જેમાં AGMની નોટિસમાં દર્શાવેલ કારોબારી બાબતો હાથ ધરવામાં આવશે.

મિનિસ્ટ્રી ઑફ કોર્પોરેટ અફેર્સ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા જનરલ સર્ક્યુલર્સ અનુસાર અને તેના અનુપાલનમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬, માટેની 13મી AGMની નોટિસ, વાર્ષિક અહેવાલ તથા તમામ પરિશિષ્ટો માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા એવા સભ્યોને મોકલવામાં આવશે જેમના ઇ-મેલ સરનામાં કંપની અને ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાયેલા છે, જે શેરધારકોનું ઇ-મેલ સરનામું નોંધાયેલ નથી, તેમને વાર્ષિક અહેવાલની નોટિસ સાથેની વેબ લિંક ભૌતિક નોટિસ દ્વારા મોકલવામાં આવી છે.

સભ્યો તેમના ઇ-મેલ સરનામાં અને બેંક ખાતાની વિગતો તેઓએ જે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે પોતાનું ડીમેટ ખાતું ખોલાવ્યું છે, તેને વિનંતી કરીને અપડેટ કરી શકે છે. જો તમારું ઇ-મેલ સરનામું કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાયેલું હોય, તો રિમોટ ઇ-વોટિંગ માટેના લૉગિન ક્રેડેન્શિયલ્સ તમારા નોંધાયેલ ઇ-મેલ પર મોકલવામાં આવી રહ્યા છે. કૃપા કરીને નોંધ લો કે આ જ લૉગિન ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ VC દ્વારા AGMમાં ભાગ લેવા તથા AGM દરમિયાન ઠરાવો પર મતદાન કરવા માટે જરૂરી રહેશે.

મતદાનના અધિકારો "કટ-ઓફ તારીખ" એટલે કે સોમવાર, 21 સપ્ટેમ્બર, 2026ના રોજની શેરહોલ્ડિંગના આધારે રહેશે. જે કોઈ વ્યક્તિ કટ-ઓફ તારીખે કંપનીના સભ્ય હશે તે AGMની નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર રિમોટ ઇ-વોટિંગ દ્વારા અથવા AGM દરમિયાન મતદાન કરવા માટે પાત્ર રહેશે.

રિમોટ ઇ-વોટિંગનો સમયગાળો બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026 ના રોજ સવારે 9:00 કલાકે IST શરૂ થશે અને રવિવાર, 27 સપ્ટેમ્બર, 2026ના રોજ સાંજે 5:00 કલાકે IST પૂર્ણ થશે. આ સમયગાળા દરમિયાન સભ્યો ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકશે. ત્યારબાદ NSDL દ્વારા રિમોટ ઇ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય કરવામાં આવશે. એકવાર સભ્ય દ્વારા કોઈ ઠરાવ પર મત આપવામાં આવે ત્યારબાદ સભ્યને તે મતમાં પાછળથી ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

નાણાકીય વર્ષ 2025-26 માટેનો કંપનીનો વાર્ષિક અહેવાલ, જેમાં 13મી વાર્ષિક સામાન્ય સભાની ની નોટિસનો સમાવેશ થાય છે, તે કંપનીની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ રહેશે:

http://www.aksharspintex.in/annual-report.html

આ અહેવાલ સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE Limited ("BSE") અને **NSE Limited ("NSE")**ની વેબસાઇટ પરથી પણ મેળવી શકાય છે. AGM ની નોટિસ **National Securities Depositories Limited ("NSDL")

**ની વેબસાઇટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ રહેશે.

જે સભ્યોએ પોતાનું ઇ-મેલ સરનામું નોંધાવ્યું નથી, તેઓ AGM ની નોટિસમાં દર્શાવેલ કારોબારી બાબતો પર ઇલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકશે, ક્યાં તો રિમોટલી (ઇ-વોટિંગ સમયગાળા દરમિયાન) અથવા AGM દરમિયાન, સભ્યોને આપવામાં આવેલી નોટિસમાં દર્શાવેલ રીત અનુસાર,

AGMમાં જોડાવા તથા મતદાન કરવા અંગેની સૂચનાઓ પણ AGM ની નોટિસમાં આપવામાં આવશે અને કંપનીની વેબસાઇટ http://www.aksharspintex.in તથા NSDLની વેબસાઇટ www.evoting.nsdl.com પર અપલોડ કરવામાં આવશે.

માહિતી	વેબસાઈટ લિંક
વાર્ષિક રિપોર્ટ 2025-26	https://www.aksharspintex.in/pdf/Annual%20Report/Annual%20Report%202025-2026.pdf
વાર્ષિક સામાન્ય સભા ની નોટિસ	https://www.aksharspintex.in/pdf/Meetings/Notice%20of%20General%20Meeting%2001-08-2026.pdf

સ્થળ: હરીપર (જામનગર)
તા.: 1 સપ્ટેમ્બર, 2026

અક્ષર સ્પીનટેક્ષ લિમિટેડ,
Sd/-
હરિકુષ્ણા એસ.ચૌહાણ
ચેરમેન & વ્હોલ ટાઈમ ડાયરેક્ટર

RELIANCE Asset Reconstruction

રીફોર્મ એઆરસી લીમીટેડ

(અગાઉ રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લીમીટેડ તરીકે જાણીતી)
બીજો માળ, આઈસીસી ચેમ્બર્સ, સકી વિહાર રોડ, એમટીએનએલ ટેલીફોન એક્સચેન્જ પાસે, પોવાઈ, મુંબઈ- ૪૦૦૦૭૨

સિક્યોર્ડ મિલકતોના વેચાણ માટે નોટીસ (જુઓ નિયમ ૮(૬) સાથે વંચાતો નિયમ ૬(૨))

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર/જંગમ મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/હાયપોથીકેટેડ કરવામાં આવી હતી જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઇ લીધો છે.
જે રેલીગેર હાઉસિંગ ડેવલોપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડે તારીખ ૨૯.૦૩.૨૦૧૯ અને ૨૯.૦૩.૨૦૨૩ ના એસાઇનમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા **રીફોર્મ એઆરસી લીમીટેડ (અગાઉ રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રક્શન લીમીટેડ તરીકે જાણીતી) આરએસી ૦૫૯ (આરએચડીએફસીએલ એચએલ) અને આરએઆરસી ૦૮૦ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટના ટ્રસ્ટી રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લીમીટેડ (આરએઆરસી)** ની તરફેણમાં નીચે જણાવેલ સિક્યોરીટીઝ સાથે તેના હકો, ટાઇટલ અને હીતો સહીત તમારા લોન એકાઉન્ટોની નાણાંકિય મિલકતો/લેણાં સોંપ્યા છે. જણાવેલ સોંપણીના આધારે અમે તમારા સિક્યોર્ડ લેણદાર બનીએ છીએ અને સમગ્ર કરારલક્ષી બાકી રકમ વસુલવા કાનુની હકદાર છીએ.
પરિણામે, નીચે સહી કરનાર રીફોર્મ એઆરસી લીમીટેડ (અગાઉ રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લીમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી આથી તમને ૧૫ દિવસીય નોટીસ આપે છે કે નીચે જણાવેલ ગીરો મિલકતો એટલે કે "જ્યાં છે", "જે છે", અને "જેમ છે" ના ધોરણે ઇ-હરાજીના માર્ગે નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ દેવાદારો/ગીરવેદારો પાસેથી **રીફોર્મ એઆરસી લીમીટેડ (અગાઉ રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લીમીટેડ તરીકે જાણીતી) આરએઆરસી ૦૫૯ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટ અને આરએઆરસી ૦૮૦ (આરએચડીએફસીએલ એચએલ)** ના ટ્રસ્ટી તરીકે ની કલમ ૧૩(૨) હેઠળની માંગણા નોટીસમાં જણાવેલ બાકી રકમ વત્તા ચડત વ્યાજ અને ખર્ચની વસુલાત માટે **૨૨.૦૯.૨૦૨૬** ના રોજ વેચવામાં આવશે. રીઝર્વ કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) નીચે મુજબ છે.

ગીરો મિલકતની વિગત

આરએઆરસી ૦૫૯ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટ

લોટ નં.	દેવાદારોનું નામ, મિલકતની વિગતો, માંગણા નોટીસ અને કબજાની તારીખ	રિઝર્વ કિંમત	ઇએમડી
૧	શિવચંદ્ર દુખીરામ જયસ્વાલ જે દુખરામ જયસ્વાલના પુત્ર, અને સીમા દેવી જે	રૂા. ૮૦૦૦૦/-	રૂા. ૮૦૦૦/-

રવિચંદ્ર ના પત્ની અને રવિચંદ્ર દુખરામ, તમામનું સરનામું: ૧૦૭, સુકન રેસિડેન્સી ૧, સોની પાર્ક સોસાયટી વિભાગ-૨, કાડોદરા બારડોલી રોડ, તાંતિથૈયા, સુરત, ગુજરાત-૩૯૪૩૫૫. અહીં પણ: જીઝ અને જી૪, સુકન રેસિડેન્સી ૩, સોની પાર્ક ૨, તાંતિથૈયા, પલસાણા, સુરત.
મિલકત: ફ્લેટ નં. જી-૩ અને જી-૪, સુકુન રેસિડેન્સી-૩, ગુજરાત રાજ્ય, જિલ્લો સુરત, પેટા જિલ્લો અને તાલુકો પલસાણા, મોજે ગામ તાંતિથૈયા, બ્લોક નં. ૨,૪,૫,૧૧-એ, ૧૨, ૧૩-એ, ૧૪, ૧૫, ૧૬, ૩૯, ૪૦-એ, ૪૧, ૪૨, ૪૩, ૧૫૭, ૩૨૩-એ, ૩૨૫, ૩૨૬, (અમાલગમેશન પછી નવો બ્લોક નં. ૨), સોની પાર્ક હાઉસિંગ સોસાયટી- ૨, પૈકી પ્લોટ નં. ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧ અને ૨૯૨ પૈકી, સુરત (ક્ષેત્રફળ આશરે ૨૫૬.૮ ચો.ફુટ)ના તમામ ભાગ અને હિસ્સા.
માંગણા નોટીસ : રૂા. ૭૬૨૦૪૩.૯૧/- (રૂપિયા સાત લાખ બાસઠ હજાર તેતાલીસ અને એકાણું પૈસા પુરા) ૧૭-૧૧-૨૦૧૭ મુજબ વત્તા ચડત વ્યાજ અને ખર્ચ.
પરોક્ષ / ભૌતિક કબજાની તારીખ : ૨૪-૦૯-૨૦૨૩

આરએઆરસી ૦૮૦ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટ

લોટ નં.	દેવાદારોનું નામ, મિલકતની વિગતો, માંગણા નોટીસ અને કબજાની તારીખ	રિઝર્વ કિંમત	ઇએમડી
૨	નાનેલાલ યાદવ જે દુધનાથ યાદવના પુત્ર, સરનામું: ૩૮, અંબિકાનગર,	રૂા. ૧૦૦૦૦૦/-	રૂા. ૧૦૦૦૦/-

ડિંડોલી ચોર્યાસી, સુરત, સુરત, ગુજરાત-૩૯૪૨૧૦. અહીં પણ: શોપ નં. ૪, પોદાર આર્કેડ સામે, ખાંડ બજાર, વરાછા રોડ, સુરત, સુરત, ગુજરાત-૩૯૫૦૦૬. અહીં પણ: ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, ઘનશ્યામ રેસિડેન્સી, ગોગા ફ્લેટ્સ, જોલ્વા ગામ, સુરત, ગુજરાત. ૨. ગીતા યાદવ, સરનામું: ૩૮, અંબિકા નગર, ડિંડોલી, ચોર્યાસી, સુરત, સુરત, ગુજરાત-૩૯૪૨૧૦. અહીં પણ: ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, ઘનશ્યામ રેસિડેન્સી, ગોગા ફ્લેટ્સ, જોલ્વા ગામ, સુરત, ગુજરાત. અને ૩. ચંદ્રશેખર યાદવ, સરનામું: ૩૮ અંબિકા નગર, ડિંડોલી, ચોર્યાસી, સુરત, સુરત, ગુજરાત-૩૯૪૨૧૦ અહીં પણ: ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, ઘનશ્યામ રેસિડેન્સી, ગોગા ફ્લેટ્સ, જોલ્વા ગામ, સુરત, ગુજરાત.
મિલકત: ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, ક્ષેત્રફળ ૨૦૩.૫૯ ચો. ફુટ એટલે કે ૧૮.૯૨ ચો.મી. કાર્પેટ એરિયા અને બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૨૪.૮૫ ચો.મી. તેમજ જમીનમાં ન વહેંચાયેલ હિસ્સો, તેમજ ઘનશ્યામ રેસિડેન્સી પાર્ટ-૨ના ગોગા ફ્લેટની જમીનમાં ન વહેંચાયેલ હિસ્સો ધરાવતી રેવન્યુ સર્વે નં. ૧૧૩/૩, બ્લોકનં. ૧૨૬, ક્ષેત્રફળ ૧૫૧૦૨ ચો.મી. પૈકી, પ્લોટનં. ૧૭૭ ક્ષેત્રફળ ૧૨૮.૭૧ ચો.મી. મોજે જોલ્વા, તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા: પુર્વ: ફ્લેટ નં. ૨૦૨, પશ્ચિમ: ફ્લેટનં. ૧૭૮, ઉત્તર: સોસાયટીની દિવાલ, દક્ષિણ: ફ્લેટનં. ૨૦૫
માંગણા નોટીસ : રૂા. ૫૩૧૧૫૪.૭૩/- (રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર એકસો ચોપ્પન અને તોતેર પૈસા પુરા) ૧૭-૦૨-૨૦૨૨ મુજબ વત્તા ચડત વ્યાજ અને ખર્ચ.
પરોક્ષ / ભૌતિક કબજાની તારીખ : ૦૫-૧૧-૨૦૨૩

લોટ નં.	દેવાદારોનું નામ, મિલકતની વિગતો, માંગણા નોટીસ અને કબજાની તારીખ	રિઝર્વ કિંમત	ઇએમડી
3	સુભાષ ચંદ્ર બેહરા જે પરસુરામ બેહરાના પુત્ર, સરનામું:	રૂા. ૧૦૦૦૦૦/-	રૂા. ૧૦૦૦૦/-

બીજો માળ, ૧૫૦, વડવાડા નગર, પ્રભાકર નમકિન, સુરત, વરાછા, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦. અહીં પણ: ૧૨૫ થી ૧૨૩, મહાત્મા ઇન્ડસ્ટ્રીયલ, કાપોદરા, ઇન્ટરવેલ પ્રા.લી. સામે, વરાછા રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૯. અહીં પણ: ફ્લેટનં. ૧૧૯, પહેલોમાળ, ધારા પેલેસ, એ-વિંગ, પારેખ એસ્ટેટ, બ્લોક નં. ૧૨૨, મોજે તાંતિથૈયા, તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુરાત, રનુ બેહરા, સરનામું: બીજો માળ, ૧૫૦, વડવાડા નગર, પ્રભાકર નમકિન, સુરત, વરાછા, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦. અહીં પણ: ફ્લેટ નં. ૧૧૯, પહેલો માળ, ધારા પેલેસ, એ-વિંગ, પારેખ એસ્ટેટ, બ્લોકનં. ૧૨૨, મોજે તાંતિથૈયા, તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત અને સેઠી અજય બિપ્રાયરણ, સરનામું: ૧૦૦, વલ્લભનગર સોસાયટી, પુનાગામ, સુરત, ચોર્યાસી, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦, અહીં પણ: ૧૪૨, કમલ પાર્ક સોસાયટી, સીટર ફ્લાવર સ્કુલ પાસે, કાપોદરા, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦, અહીં પણ: ૧૪૨, કમલ પાર્ક સોસાયટી, સીટર ફ્લાવર સ્કુલ પાસે, કાપોદરા, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦. અહીં પણ: ૧૪૨, કમલ પાર્ક સોસાયટી, સીટર ફ્લાવર સ્કુલ પાસે, સુરત, ગુજરાત-૩૯૫૦૧૦, અહીં પણ: ફ્લેટનં. ૧૧૯, પહેલો માળ, ધારા પેલેસ એ-વિંગ પારેખ એસ્ટેટ, બ્લોકનં. ૧૨૨, મોજે તાંતિથૈયા, તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત
મિલકત: ફ્લેટ નં. ૧૧૯, પહેલો માળ, ક્ષેત્રફળ ૪૦૦ ચો.ફુટ એટલે કે ૩૭.૧૭ ચો.મી., સુપર બિલ્ટ અપ એરિયા અને ૨૪૬ ચો.ફુટ એટલે કે ૨૨.૮૬ ચો.મી. બિલ્ટ અપ એરિયા તેમજ ૮.૦૦ ચો.મી. પારેખ એસ્ટેટની ધારા પેલેસ એ- વિંગની જમીનમાં ન વહેંચાયેલ હિસ્સો ધરાવતી રેવન્યુ સર્વે નં. ૧૯૨/એ, ૧૯૩, ૧૯૦, ૧૯૬, ૧૯૭, ૧૯૨-બી, બ્લોકનં. ૧૨૨, પૈકી પ્લોટનં. ૫,૬,૭,૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪ કુલ ક્ષેત્રફળ ૧૨૮૬.૨૧ ચો.મી. ખાતેની મોજે તાંતિથૈયા, તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા.
માંગણા નોટીસ : રૂા. ૬૧૬૨૩૩.૦૧/- (રૂપિયા છ લાખ સોળ હજાર બસ્સો તેત્રીસ અને એક પૈસા પુરા) ૧૭-૦૨-૨૦૨૨ મુજબ વત્તા ચડત વ્યાજ અને ખર્ચ.
પરોક્ષ / ભૌતિક કબજાની તારીખ : ૦૫-૧૧-૨૦૨૩

લોટ નં.	દેવાદારોનું નામ, મિલકતની વિગતો, માંગણા નોટીસ અને કબજાની તારીખ	રિઝર્વ કિંમત	ઇએમડી
૪	૧. સંદિપકુમાર ચૌધરી જે અરવિંદભાઈ ચૌધરીના પુત્ર, સરનામું:	રૂા. ૧૦૦૦૦૦/-	રૂા. ૧૦૦૦૦/-

સી-૨૬૫, બાલાજી નગર સોસાયટી, પલસાણા, કાડોદરા, વરેલી, સુરત, ગુજરાત-૩૯૪૩૨૭, અહીં પણ: ગેટ નં. ૧, શોપ નં. ૦૧, વિધાતા ઇન્ડસ્ટ્રીઝ, હરિપુરા ગામ કાડોદરા રોડ, સુરત, ગુજરાત-૩૯૪૩૨૭, **૨. સુંદરબેન સંદિપ ચૌધરી સરનામું:** સી-૨૬૫, બાલાજી નગર સોસાયટી, પલસાણા, કાડોદરા, વરેલી, સુરત, ગુજરાત-૩૯૪૩૨૭, ૩. હૃદયેશ કુમાર પોદ્દાર સરનામું: ગામ - ભોજેજયરામ, પોસ્ટ ભોજેજયરામ, પીએસ- ખાનપુર, જિલ્લો સમસ્તીપુર, ખાનપુર, બિહાર-૮૪૮૨૩૬, **અહીં પણ:** ડી-૧૦૩, સાંઇ રેસિડેન્સી, ચલ્થાન સુગ ર ફેક્ટરી પાસે, પોસ્ટ ચલ્થાન, પલસાણા, સુરત, ગુજરાત-૩૯૪૩૦૫
મિલકત: ફ્લેટ નં. બી/૩૦૨, ૩જો માળ, ક્ષેત્રફળ ૫૫૭.૪ ચો.ફુટ એટલે કે ૫૧.૮૦ ચો.મી, સુપર બિલ્ટ અપ એરિયા અને ૩૪૧.૦૦ ચો.ફુટ, બિલ્ટ અપ એરિયા તેમજ રિદ્ધિ સિદ્ધિ કોમ્પલેક્ષની જમીનમાં ન વહેંચાયેલ હિસ્સો ધરાવતી રેવન્યુ સર્વે નં. ૧૩૩/૨૫/એ, બ્લોક નં. ૧૩૭/પૈકી, પ્લોટનં. ૪૨, ક્ષેત્રફળ ૧૮૦૦ ચો.મી. એટલે કે ૧૬૭.૨૨ અને પ્લોટ નં. ૪૩ ક્ષેત્રફળ ૧૮૦૦ ચો.મી. એટલે કે ૧૬૭.૨૨ ચો.મી., કુલ ક્ષેત્રફળ ૩૩૪.૪૪ ચો.મી., ગામ પંચાયત મિલકત નં. ૬૫૫૯/૩૧ ખાતેની મોજે ગામ કાડોદરા, તાલુકો પલસાણા, જિલ્લો સુરત, ગુજરાત-૩૯૪૩૨૭ ખાતેની મિલકતના તમામ ભાગ અને હિસ્સા. ચતુઃસીમા: ઉત્તર: રોડ, દક્ષિણ: પ્લોટ નં.૪૧, પુર્વ: રોડ માર્જિન પ્લોટ નં. ૧૦૨, પશ્ચિમ: પ્લોટનં. ૧૩ અને ૧૨
માંગણા નોટીસ : રૂા. ૮૮૯૩૩૩.૩૦/- (રૂપિયા આઠ લાખ નેવ્યાંશી હજાર ત્રણસો તેત્રીસ અને ત્રીસ પૈસા પુરા) ૨૧-૦૪-૨૦૨૧ મુજબ વત્તા ચડત વ્યાજ અને ખર્ચ.
પરોક્ષ / ભૌતિક કબજાની તારીખ : ૦૭-૦૪-૨૦૨૪

મિલકતનાં નિરિક્ષણની તારીખ	: ૨૦.૦૯.૨૦૨૬ નાં રોજ સવારે ૧૧.૦૦ થી ૦૨.૦૦
બીડ સુપરત કરવાની છેલ્લી તારીખ	: ૨૧.૦૯.૨૦૨૬ ના રોજ સાંજે ૫.૦૦ સુધી
ઇ-હરાજીની તારીખ	: ૨૨.૦૯.૨૦૨૬ નાં રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા દરમિયાન, પ્રતિદિઠ ૫ મિનિટના વધારા સાથે

વેચાણની શરતો અને નિયમો:
૧. મિલકત રીઝર્વ કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહી અને વેચાણ સિક્યોર્ડ ક્રેડીટર તરીકે આરએઆરસીની મંજૂરીને આધિન રહેશે. **૨.** ઇ-હરાજી **મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ** મારફત પ્લોટ નં. ૬૮, ગુરગાંવ, હરિયાણા પીનકોડ-૧૨૨૦૦૩ ખાતે ઓનલાઇન કરવામાં આવશે. **૩.** ઇ-હરાજીમાં ભાગ લેતાં પહેલા, રસ ધરાવનાર બીડરો માન્ય ઇ-મેઇલ આઇડી મેળવવાનો રહેશે અને તેમનાં નામો પોર્ટલ www/bankeauctions.com પર રજીસ્ટર કરાવીને તેમના યુઝર આઇડી અને પાસવર્ડ મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ પાસેથી મેળવવાના રહેશે. **૪.** ભાવી બીડરોને **મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ દ્વારા ઇ-હરાજીની ઓનલાઇન તાલીમ પ્રાપ્ય રહેશે. (સંપર્કકર્તા વ્યક્તિઓ : ધારાણી ક્રિષ્ના મો.: + ૯૧ ૯૯૪૮૧૮૨૨૨૨,** Delhi@c1india.com **અથવા** support@bankeauctions.com **(હેલ્પલાઇન નં.૭૨૯૧૯૮૧૧૨૪, ૨૫, ૨૬).** **૫. આરએઆરસી ૦૫૯ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટની** મિલકત માટે અર્નેસ્ટ મની ડિપોઝીટ કરન્ટ એકાઉન્ટ નં. ૬૭૪૨૫૫૫૭૮૮, બેંકનું નામ, ઇન્ડિયન બેંક, શાખા: શાન્તાક્રુઝ વેસ્ટ શાખા, મુંબઇ, ૪૦૦૦૫૪ લાભાર્થીનું નામ: **આરએઆરસી- ૦૫૯ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટ,** આઇએફએસસી કોડ: IDIB000S010 પર જમા કરવાની રહેશે. નોંધ લેવી કે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ ઇએમડી તરીકે સ્વીકાર્ય રહેશે નહી. **૬. આરએઆરસી ૦૮૦ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટની** મિલકત માટે અર્નેસ્ટ મની ડિપોઝીટ કરન્ટ એકાઉન્ટ નં. ૧૨૨૫૦૫૦૦૨૧૪૬, બેંકનું નામ, આઇસીઆઇસીઆઇ બેંક લીમીટેડ બ્રાન્ચ: વીર દેસાઇ બ્રાન્ચ, મુંબઇ, ૪૦૦૦૫૮, લાભાર્થીનું નામ: આરએઆરસી-૮૦ (આરએચડીએફસીએલ એચએલ) ટ્રસ્ટ, આઇએફએસસી કોડ: ICIC0001225 ઉપર જમા કરવાની રહેશે. નોંધ લેવી કે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ ઇએમડી તરીકે સ્વીકાર્ય રહેશે નહી. **૭.** રિઝર્વ કિંમતથી ઓછી કિંમતની બીડો અને/ અથવા ઇએમડી રકમ સિવાયની બીડો સ્વીકાર્ય રહેશે નહી. બીડરો તેમની અન્ય બીડ રકમોમાં લોટ દીઠ રૂા. ૫,૦૦૦/- ના ગુણાંકમાં વધારો કરી શકે છે. **૮.** સફળ બીડરે સફળ બીડર તરીકે ઘોષિત થયા પછી તરત જ બીડની રકમ/વેચાણ કિંમતના ૨૫ ટકા ચુકવવાનાં રહેશે (અર્નેસ્ટ મની સહીત) ચુકવવાની રહેશે. સફળ બીડરે બાકીની ૭૫ ટકા બીડ/વેચાણની રકમ સફળ બીડર તરીકે ઘોષીત થયાની તારીખથી ૧૫ દિવસની અંદર જમા કરવાની રહેશે. **૯.** જો સફળ બીડર ઉપર જણાવેલ વેચાણ કિંમત જમા કરાવવામાં નિષ્ફળ જશે તો, ઇએમડી સહીત તમામ જમા રકમ કોઇપણ નોટીસ સિવાય જપ્ત કરવામાં આવશે. **૧૦.** અસફળ બીડરોની ઇએમડી રકમ ઇ-હરાજી વેચાણ પ્રક્રિયાની સમાપ્તિ પછી સાત દિવસની અંદર વ્યાજ વગર પરત કરવામાં આવશે. **૧૧.** અધિકૃત અધિકારી દ્વારા અપાયેલ વિગતો તેમની શ્રેષ્ઠ જાણકારી, માન્યતાઓ અને અહેવાલો અનુસાર છે. અધિકૃત અધિકારી કોઇપણ ભુલ, ખામીયુક્ત નિવેદન કે કસુર માટે જવાબદાર રહેશે નહી. **૧૨.** નીચે સહી કરનાર અધિકૃત અધિકારી કોઇપણ પુર્વ નોટીસ અથવા કોઇપણ કારણો જણાવ્યા વગર કોઇપણ બીડનો સ્વીકાર/અસ્વીકાર કરવાનો અથવા વેચાણ મૌકુફ/મુલતવી/ રદ કરવાની અને કોઇપણ શરતો અને નિયમો ઘડવાનો હક અને સત્તા રહેશે. **૧૩.** બીડરો મિલકત પર ચાર્જ/ બોજા સબંધતિ પુછપરછો કરી શકે છે અને તેમી જાતને ટાઇટલ, માપન વિસ્તાર, અને મિલકતની ગુણવત્તા અંગે તેમની બીડ સુપરત કરતાં પહેલા પોતાની જાતે સંતોષ મેળવી શકે છે. મિલકત પર ચાર્જીસ, બોજાઓ અને અન્ય કોઇપણ બાબતો વગેરે માટે કોઇપણ પ્રકારનો દાવો ઓનલાઇન બીડ સુપરત કર્યા પછી ધ્યાનમાં લેવામાં આવશે નહી. **૧૪.** પ્રાપ્ત અહેવાલો મુજબ નીચે સહી કરનારને આ નોટીસની તારીખે મિલકતો પર કોઇ બોજા અંગે જાણકારી નથી. **૧૫.** મિલકત પર કોઇ બોજો, બાકી રકમ, વેરા, વીએટી, ટીડીએસ, જીએસટી ચાર્જ કાનુની અથવા તે સિવાય મિલકતના વેચાણની સ્ટેમ્પ ડ્યુટી/રજીસ્ટ્રેશન ફી ફક્ત ખરીદારે ભોગવવાની રહેશે.

કોઇપણ વધુ માહિતી માટે ૧૮૦૦૧૦૩૯૭૧૧ / ૧૮૬૦૨૬૬૪૧૧૧ / ૧૮૦૦૩૦૯૯૭૧૧ નો સંપર્ક કરી શકાશે.

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૬(૨), ૮(૬) અને ૯(૧) હેઠળ કાનુની ૧૫ દિવસીય નોટીસ

દેવાદારો/સહ-દેવાદારો/જામીનદારો/ગીરવેદારોને આથી ઉપર જણાવેલ રકમ, તેમજ આખર તારીખ સુધીનું વ્યાજ અને આકસ્મિક ખર્ચ ઇ-હરાજી પહેલા ચુકવવા જણાવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં ઉપર જણાવેલ ગીરો મિલકતની ઇ-હરાજી કરવામાં આવશે અને બાકી રકમ જો કોઇ હોય તો, વ્યાજ/ખર્ચ સહીત વસુલવામાં આવશે. હરાજી માટે નિયત તારીખના રોજ હરાજી વેચાણમાં કોઇ બીડ ન મળવાના સંજોગોમાં, સિક્યોર્ડ લેણદાર ખાનગી સંધિના માર્ગે વેચાણ અથવા કોઇપણ ભાવી ખરીદારને નિયત રીઝર્વ કિંમતે આ મિલકતનું વેચાણ કરવા સ્વતંત્ર રહેશે. દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારો/ગીરવેદારોને આથી ગીરો મિલકતનો કબજો લેતી વખતે તૈયાર કરાયેલ પંચનામા/ઇન્વેન્ટરી અહેવાલ મુજબ કબજો લીધેલ મિલકતમાં રહેલ કોઇપણ ઘરવખરીની ચીજો/ અંગત સરસામાન જો કોઇ હોય તો, આ નોટીસની તારીખ થી ૬૦ દિવસની અંદર દુર/નિકાલ કરવા જણાવામાં આવે છે. આ નોટીસની તારીખથી ૭ (સાત) દિવસના જણાવેલ ગાળા દરમિયાન ઘરવખરીની ચીજો/ અંગત સર સામાન દુર/નિકાલ/તબદીલ કરવામાં નિષ્ફળ જતાં, કંપનીને દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારો/ગીરવેદારોના જોખમ, જવાબદારી અને ખર્ચે "જ્યાં છે" "જે છે" અને "જેમ છે" ના ધોરણે તેને ખસેડવા/દુર/ નિકાલ કરવાની ફરજ પડશે. કંપની આ સબંધમાં કોઇપણ વ્યક્તિ દ્વારા ઉઠાવાયેલ કોઇપણ દાવા માટે જવાબદાર ગણાશે નહી.

સ્થળ : ગુજરાત
તારીખ : ૦૨.૦૯.૨૦૨૬

અધિકૃત અધિકારી, રીફોર્મ એઆરસી લીમીટેડ
(અગાઉ રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લીમીટેડ તરીકે જાણીતી)

નોંધ: સરફૈસી એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસ જારી કર્યા પછી ભરપાઇ કરાયેલ રકમ વસુલાત / પતાવટના સમયે ચુકવવાપાત્ર બાકી રકમની ખાતરી કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

DCW

ડીસીડબલ્યૂ લિમિટેડ

સીઆયએન: એલ૨૪૧૧૦જીજે૧૯૩૯પીએલસી૦૦૦૭૪૮
રજીસ્ટર્ડ ઓફીસ : ધ્રાંગધ્રા - ૩૬૩ ૩૧૦, ગુજરાત રાજ્ય
હેડ ઓફીસ : ૩જે માળે, નિર્મલ, નરીમન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦૦૨૧
ટેલી નં.: ૦૨૨- ૪૯૫૭ ૩૦૦૦ / ૪૯૫૭ ૩૦૦૧
વેબસાઈટ : www.dcwltd.com, **ઈ-મેલ :** investor.relations@dcwltd.com

કંપનીની સત્યાસીમી (૮૭મી) વાર્ષિક સામાન્ય સભા અંગે નોટીસ અને માહિતી જે વીડીયો કોન્ફરંસ / અન્ય ઓડીયો - વિઝ્યુલ માધ્યમ દ્વારા યોજાનાર છે

સભ્યોને આથી જાણ કરવાની કે **ડીસીડબલ્યૂ લિમિટેડ (''કંપની'')**ના સભ્યોની **સત્યાસીમી (૮૭મી)** વાર્ષિક સામાન્ય સભા (''એજીએમ'') **શનિવાર, સપ્ટેમ્બર ૨૬, ૨૦૨૬ના બપોરે ૧૨ કલાકે (આયએસટી)ના** વીડીયો કોન્ફરંસ (''વીસી'') / અન્ય ઓડીઓ વીઝ્યુઅલ માધ્યમ (''ઓએવીએમ'') દ્વારા આયોજીત કરવામા આવશે જે એજીએમની નોટીસમાં દર્શાવ્યા મુજબની ધંધાદારી કાર્યવાહી કરવા માટે રહેશે જે એજીએમની જાણ કરવા માટે પ્રસારિત કરવામા આવી રહેલ છે.

કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા સામાન્ય પરિપત્ર ક્ર. ૧૪/૨૦૨૦ તારીખ એપ્રિલ ૮, ૨૦૨૦, ૧૭/૨૦૨૦, તારીખ એપ્રિલ ૧૩, ૨૦૨૦, ૨૦/૨૦૨૦, તારીખ મે ૫, ૨૦૨૦, ૦૯/૨૦૨૪, તારીખ સપ્ટેમ્બર ૧૯, ૨૦૨૪ અને આ અંગે બહાર પડાયેલ અનુસૂચિત પરિપત્રો, જેમાંથી છેલ્લો ૦૩/૨૦૨૫ તારીખ સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૫ (સંયુક્ત રીતે એમસીએ પરિપત્રો તરીકે ઉલ્લેખાયેલ) અને ભારતના સીક્યુરીટીઝ અને એક્ષ્ચેંજ બોર્ડ (સેબી) દ્વારા તેના પરિપત્ર ક્ર. સેબી/એચઓ/સીએફડી/સીએફડી-પીઓડી-૨/પી/સીઆઈઆર/૨૦૨૪/૧૩૩ તારીખ ઓક્ટોબર ૩, ૨૦૨૪ (અહીં પાછળથી સેબી સર્ક્યુલર તરીકે ઉલ્લેખાયેલ) અને વખતો વખત બહાર પાડવામા આવેલ તમામ સંબંધીત પરિપત્રોની ભૌતિક હાજરી વિના વીસી/ઓએવીએમ દ્વારા વાર્ષિક સામાન્ય સભા કોમન સ્થળે આયોજિત કરવાની મંજૂરી આપી છે. કંપનીની એજીએમ વીસી/ ઓએવીએમ દ્વારા એમસીએ અને સેબી પરિપત્રો અને કંપનીના અધિનિયમ ૨૦૧૩ (અધિનિયમ) અને તેની હેઠળ બનાવાયેલ નિયમો અને સેબી (લીસ્ટીંગ પરજો અને ખુલાસા જરૂરીયાતો) નિયમન ૨૦૧૫ (લીસ્ટીંગ નિયમન)ના સંબંધીત જોગવાઈઓને અનુસરીને યોજાશે.

સભ્યોને નેશનલ સીક્યુરીટીઝ ડીપોઝીટરી લિમિટેડ (''એનએસડીએલ'') દ્વારા પૂરા પડાયેલ ઈલેક્ટ્રોનીક પ્લેટફોર્મ દ્વારા એજીએમમાં હીજરી આપવા માટેની સુવિધા આપવામા આવશે. સભ્યો તે જ સ્થળે https://www.evoting.nsdl.com પર પહોંચી શકે છે. એજીએમની કાર્યવાહી કંપનીના નોંધણીકૃત કાર્યાલયમા કરવામા આવી છે જે એજીએમનું માન્ય સ્થળ હશે.

નોટીસ અને વાર્ષિક અહેવાલનું વિતરણ

એમસીએ પરિપત્રો અને સેબી પરિપત્ર મુજબ એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ નાણાંકીય વર્ષ (''એફવાય'') ૨૦૨૫-૨૬ તમામ સભ્યો જેમના ઈમેલ સરનામા કંપની/રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજંટ (''આરટીએ'') અને/અથવા ડીપોઝીટરી ભાગીદાર (''ડીપી'') પાસે નોંધાયેલ છે તેમને ઈમેલ દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં મોકલવામાં આવશે. આ માટેની વિનંતિ કરનાર સભ્યોને કંપની વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ ની ભૌતિક નકલ મોકલશે investor.relations@dcwltd.com પર તેમના ફોલીયો નંબર/ડીપી આઈડી એને ક્લાયંટ આઈડી જણાવી લીસ્ટીંગ નિયમોના નિયમ ૩૬(૧)(બી) મુજબ વાર્ષિક અહેવાલ મેળવવા વેબલીંક પૂરી પાડતી એક પત્રિકા તેવા સભ્યોને મોકલવામા આવશે જેમના ઈમેલ સરનામા કંપની/ડીપી પાસે નોંધાયેલ નથી.

એજીએમની નોટીસ અને એફવાય ૨૦૨૫-૨૬ માટેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.dcwltd.com પર પણ ઉપલબ્ધ છે અને તે સ્ટોક એક્ષ્ચેંજની વેબસાઈટસ જેમ કે બીએસઈ લિમિટેડ (''બીએસઈ'') અને નેશનલ સ્ટોક એક્ષ્ચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડ (''એનએસઈ'') પર અનુક્રમે https://www.bseindia.com અને https://www.nseindia.com પર અને NSDL ની વેબસાઈટ https://www.evoting.nsdl.com પર પણ રહેશે. એજીએમમા જોડાવા માટેની સૂચનાઓ એજીએમની નોટીસમાં આપવામાં આવી રહેલ છે.

ઈ-મેલ સરનામાની નોંધણી અથવા અપડેટ કરવાની રીત

જે સભ્યોના ઈ-મેલ સરનામા નોંધાયેલ નથી તેમણે નીચે આપેલ પ્રક્રિયા અનુસરી નોંધણી/અપડેટ કરવા માટે વિનંતિ કરવામા આવે છે :

એ. ડીમટીરીયલાઈઝ્ડ ફોર્મમાં શેર્સ ધરાવનારા સભ્યોએ તેમના ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર્સ નોંધાવવા તેમના સંબંધીત ડીપીનો સંપર્ક કરવાનો રહેશે.

બી. ભૌતિક સ્વરૂપમાં શેર્સ ધરાવનારા સભ્યોએ તેમના ઈ-મેલ સરનામા અને મોબાઈલ નંબર્સને બીગશેર સર્વીસીસ પ્રાયવેટ લિમિટેડ, કંપનીના આરટીએ પાસે નોંધાવવા ઈ-મેલ વિનંતિ કરવાની રહેશે, જે તેમના ઈમેલ સરનામા નોંધાવવા અને વાર્ષિક અહેવાલ, એજીએમ નોટીસ તથા ઈ-વોટીંગ સૂચનો પ્રાપ્ત કરવા ઈમેલ સરનામા અને મોબાઈલ નંબર, સ્વપ્રમાણિત પૅન કાર્ડની નકલ અને શેર સર્ટીફીકેટની નકલ પૂરી પાડી વિનંતિ પત્રની સહી કરાયેલ સ્કેન કરેલ નકલ સાથે ઈમેલ આઈડી investor@bigshareonline.com ખાતે ઈમેલ વિનંતિ મોકલવા દ્વારા રહેશે.

કોઈપણ પૂછપરછો હોય તો સભ્યોને વિનંતિ છે કે તેઓ કંપનીને અથવા આરટીએને અનુક્રમે investor.relations@dcwltd.com કે investor@bigshareonline.com ખાતે લખી મોકલે.

જે સભ્યોએ તેમના ઈ-મેલ સરનામા, મોબાઈલ નંબર્સ, પોસ્ટલ સરનામા અને બેન્ક એકાઉન્ટ વિગતો નોંધાવેલ છે તેઓને ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં ધરાવાયેલ શેર્સની બાબતમાં ડીપીનો સંપર્ક કરી અથવા ભૌતિક સ્વરૂપમા ધરાવાયેલ શેર્સની બાબતમાં investor@bigshareonline.com ખાતે કંપનીના આરટીએ નો સંપર્ક કરી તેમની રજીસ્ટર્ડ વિગતોને માન્યતા આપવા / અપડેટ કરવાની વિનંતિ કરવામા આવે છે.

ઈલેક્ટ્રોનીક વોટીંગ અને એજીએમમાં સહભાગી થવા

કંપની સભ્યોને **બુધવાર, સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૬ના સવારના ૯.૦૦ કલાકે (આઈએસટી)** થી શરૂ થનાર અને **શુક્રવાર, સપ્ટેમ્બર ૨૫, ૨૦૨૬ના સાંજે ૫.૦૦ કલાકે (આઈએસટી)** પૂર્ણ થનાર મુદત દરમ્યાન ઈલેક્ટ્રોનીક વોટીંગ સીસ્ટમ (''રીમોટ ઈ-વોટીંગ'') નો ઉપયોગ કરી તેમનો વોટ આપવાની સુવિધા પૂરી પાડશે અને ઈલેક્ટ્રોનીક વોટીંગ સીસ્ટમ માટેની સુવિધા એજીએમ ખાતે પણ ઉપલબ્ધ કરવામા આવશે. રીમોટ ઈ-વોટીંગ માટેની વિગતવાર સૂચનાઓ, એજીએમમાં ભાગ લેવા અને ત્યાં ઈ-વોટીંગ અંગે એજીએમની નોટીસમાં આપવામાં આવશે.

ઈલેક્ટ્રોનીકલી વોટ આપવાની રીત

જો આપનો ઈમેલ એડ્રેસ કંપની/આરટીએ/ડીપોઝીટરી પાસે નોંધાયેલ છે, રીમોટ ઈ-વોટીંગ માટે લોગઈન ક્રેડેન્શીયલ્સ તમારા રજીસ્ટર્ડ ઈ-મેલ સરનામે મોકલવામા આવી રહેલ છે. કૃપયા નોંધ લેવાની કે એજ લોગઈન ક્રેડેન્શીયલ્સ વીસી/ઓએવીએ દ્વારા એજીએમમાં ભાગ લેવા માટે અને એજીએમ દરમ્યાન ખરડાઓ પર વોટીંગ માટે જરૂરી છે.

ભૌતિક સ્વરૂપમાં શેર્સ ધરાવનારા અથવા જેમણે તેમના ઈમેલ સરનામા નોંધાવેલ નથી મીટીંગ દરમ્યાન રીમોટ ઈ-વોટીંગ દ્વારા અથવા ઈ-વોટીંગ પધ્ધતિ દ્વારા વોટ આપવાની પધ્ધતિ સહિત ઈ-વોટીંગની સૂચનાઓ અને પ્રક્રિયા એજીએમની નોટીસમાં રહેલ નોંધમાં આપવામા આવશે.

કોઈપણ શખ્સ જે કંપનીના શેર્સ સંપાદીત કરે છે અને નોટીસ મોકલ્યા બાદ કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખના રોજ શેર્સ ધરાવે છે, તો વિનંતિ evoting@nsdl.com ખાતે મોકલ્યા બાદ લોગ ઈન આઈડી અને પાસવર્ડ મેળખી શકે છે. જોકે રીમોટ ઈ-વોટીંગ માટે તે/તેણી અનએસડીએલ સાથે રજીસ્ટર થઈ ગયેલ હોય તો તે/તેણી વોટ આપવા માટે તેનો/તેણીનો મોજૂદ યૂઝર આઈડી અને પાસવર્ડ ઉપયોગમાં લઈ શકે છે.

રેકોર્ડ તારીખ અને ડીવીડંડ

મે ૫, ૨૦૨૬ના યોજાએલ તેની સભામાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સે દરેક રૂા. ૨/--ની ફેસ વેલ્યુના શેર દીઠ રૂા. ૦.૨૦ (વીસ પૈસા) નું અંતિમ ડીવીડંડ માર્ચ ૩૧, ૨૦૨૬ના પૂર્ણ નાણાંકીય વર્ષ માટે કંપનીના સભ્યોને આપવાની ભલામણ કરેલ હતી, જે આગામી વાર્ષિક સામાન્ય સભામાં સભ્યોની મંજૂરીને આધીન રહેશે. સદર પ્રસ્તાવિત ડીવીડંડ મેળવવા હકદાર સભ્યો નક્કી કરવાની રેકોર્ડ તારીખ કંપનીએ **શનિવાર, સપ્ટેમ્બર ૧૯, ૨૦૨૬** નક્કી કરેલ છે. અંતિમ ડીવીડંડ તેમની એજીએમ ખાતે જો સભ્યો દ્વારા મંજૂર કરવામા આવવા પર ઈલેક્ટ્રોનીકલી તેવા સભ્યોને ચૂકવવામા આવશે જેમણે ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા ડીવીડંડ મેળવવા માટે તેમની બેન્ક વિગતો અપડેટ કરેલ હશે.

સેબીના નિર્દેશો મુજબ નવેમ્બર ૧૮, ૨૦૨૫ના અમલથી ડીવીડંડ્સ માત્ર ઈલેક્ટ્રોનીક મોડમા પ્રોસેસ કરવામા આવશે. ડીવીડંડ વોરંટ્સ કે ચેક્સ દ્વારા ચૂકવમીને બંધ કરવામા આવેલ છે. આથી શેરધારકોને તોમના બેંકની વિગતો અપડેટ કરી લેવા અને ખાત્રી કરી લેવા વિનંતિ કરવામા આવે છે કે તેમના અકાઉન્ટસ કેવાયસીને અનુરૂપ છે. (સેબી માસ્ટર સર્ક્યુલર નં. HO/38/13/(4)2026-MIRSD-POD/I/4298/2026 તા. ફેબ્રુઆરી ૬, ૨૦૨૬ જે લીસ્ટીંગ રેગ્યુલેશન્સ સાથે વંચાય છે).

વધુમા સભ્યોને નોંધ લેવા વિનંતિ છે કે ફીઝીકલ રૂપમાં શેર્સ ધરાવનારા શેરધારકોને ડીવીડંડની ચૂકવણી માત્ર ફોલીયો કેવાયસી અનુરૂપ એટલે કે પીએએન, સંપર્ક વિગતો જે મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ વિગતો અને નમૂનાની સહી મુજબ જે કંપની/આરટીએ સાથે રજીસ્ટર્ડ હોય તેમને કરવામા આવશે.

ઈનવેસ્ટર સર્વીસ રીક્વેસ્ટ ફોર્મ્સ (ISR) કંપની અને આરટીએની વેબસાઈટ ખાતે https://dcwltd.com/investors/ અને https://www.bigshareonline.com/Investor Resources - Downloads રીસોર્સીસીસ ડાઉનલોડસ ખાતે ઉપલબ્ધ છે.

ભૌતિક ફોલીયોસ્નુની બાબતમાં પૅન કે સંપર્ક વિગતો કે મોબાઈલ નંબર કે બેન્ક એકાઉન્ટ વિગતો કે નમૂનાની સહી ઈ. ના નોન-અપડેશનની બાબતમાં ડીવીડંડ/વ્યાજ ઈ. સપૂર્ણપણે ઉપરોક્ત તમામ વિગતો પૂરી પાડવા પર ચૂકવવામા આવશે.

ઈલેક્ટ્રોનીક ક્લીયરીંગ સીસ્ટમ (ઈસીએસ) દ્વારા ડીવીડંડ(સ) મેળવવા માટે મેન્ડેટના રજીસ્ટ્રેશન માટે પધ્ધતિ :

ડીવીડંડ(સ) પ્રાપ્ત કરવામાં કોઈપણ વિલંબ ટાળવા સભ્યોને તેમની બેન્ક વિગતો તેમના ડીપી (ડીમટીરીયલાઈઝ્ડ શેર્સ) પાસે અને કંપનીના આરટીએ (ભૌતિક સ્વરૂપે ધરાવાયેલ શેર્સ માટે) investor@bigshareonline.com ખાતે અપડેટ કરાવી લેવા વિનંતિ કરવામા આવે છે.

ડીવીડંડ પર ટેક્ષ :

ફાઈનાન્સ ધારા ૨૦૨૬ અન્વયે ડીવીડંડની આવક જે શેર ધારકોના હાથોમાં છે તે ટેક્ષેબલ છે અને કંપનીએ આયકર ધારા ૨૦૨૫ (''આઈટી એક્ટ'') માં રહેલ નિયત દરોથી ચૂકવવામાં આવનાર ડીવીડંડમાંથી ટીડીએસ કાપી લેવાનો છે. સામાન્યમાં ટીડીએસ જરૂરિયાતોને અનુરૂપ થવા સભ્યોએ તેમના રહેણાંક સ્ટેટસ, પરમનેન્ટ એકાઉન્ટ નંબર (પીએએન), આઈટી મુજબ કેટેગરી તેના ડીપી સાથે પૂર્ણ અને/કે અપડેટ કરી લેવા વિનંતિ છે અથવા ભૌતિક સ્વરૂપમાં ધરાવાયેલ શેર્સની બાબતમાં કંપની/આરટીએ સાથે વિનંતિ પત્ર આઈએસઆર-૧ સાથે દસ્તાવેજો મોકલી ઈમેલ દ્વારા tds@bigshareonline.com ખાતે કરાવવા વિનંતિ છે, જે **મંગળવાર, સપ્ટેમ્બર ૧૫, ૨૦૨૬ના** કે તે પહેલા કરાવી લેવા. દસ્તાવેજોની સુપ્રતિ ઓનલાઈન પણ https://www.bigshareonline.com/Investorlogin.aspx ખાતે સુપ્રત કરી શકાશે. ટીડીએસ દર શેરધારકોના રહેણાંક સ્ટેટસ અને તમા દ્વારા સુપ્રત કરાયેલ દસ્તાવેજો પર આધારિત બદલી થયેલ રહેશે. તદ્‌અનુસાર ઉપર ઉલ્લેખાયેલ અંતિમ ડીવીડંડ લાગુ થતા ટીડીએસ બાદ ચૂકવવામા આવશે. આ નોટીસ કંપનીના તમામ સભ્યોની માહિતી અને લાભ માટે અને એમસીએ તથા સેબીના લાગુ થતા પરિપત્રોને અનુરૂપ આપવામા આવી રહેલ છે.

ડીસીડબલ્યૂ લિમિટેડ વતી
સહી/-
દિલીપ દરજી
સીની. જનરલ મેનેજર (લીગલ) અને કંપની સેક્રેટરી
એસીએસ-૨૨૫૨૭

સ્થળ : ધાંગધ્રા
તારીખ : સપ્ટેમ્બર ૦૧, ૨૦૨૬

M/s. SHRIRAM ASSET RECONSTRUCTION PRIVATE LIMITED (SARPL)

